ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૨.૬ ડીગ્રી
લઘુતમ : ૨૩.૬ ડીગ્રી
ભેજ
સવારે ૫૯ ટકા ● સાંજે ૨૧ ટકા

# શહેરના સેક્ટરોમાં ઝુંપડાના દબાણો ફરીવાર

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર મહાનગર પાલિકાની દબાણ ટીમ દ્વારા અંદાજીત છ માસ અગાઉ દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં શહેરમાંથી મોટાભાગનું દબાણ દુર થઈ ગયું હતું. શહેરમાંથી લારી ગલ્લા તેમજ ઝુંપડા સહિતના પાકા દબાણો તંત્ર દ્વારા દુર કરી દેવામાં આવ્યા હતા. શહેરને ટીમ દ્વારા દબાણ મુકત કરી દેવામાં આવ્યું હતું. ટીમની કામગીરીને નગરજનોએ પણ બિરદાવી હતી. પરંતુ દબાણ ટીમે તંત્રની અન્ય કામગીરીમાં કામે લાગતા જ શહેરમાં નવા સેકટરોમાં ઠેર ઠેર ઝુંપડાના દબાણો ઉભા થવા પામ્યા છે. જેને પગલે સેકટરના સ્થાનિક રહીશો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે

ગાંધીનગર શહેરનો દબાણે અજગરી ભરડો લીધો હતો. શહેરના માર્ગો સહિત સેકટરના આંતરીક માર્ગની ફુટપાથ પર દબાણકારોએ દબાણ ઉભા કર્યા હતા. નગરમાં નજર કરો ત્યાં દબાણ જોવા મળે તેવી સ્થિતિ ઉભી થઈ હતી. લારી ગલ્લા તેમજ ઝુંપડાના દબાણો ઉભા થતા વસાહતીઓ ત્રાહીમામ પોંકારી ઉઠ્યા હતા. ત્યારે મનપાની ટીમ દ્વારા દબાણ હટાવીને નગરને ચોખ્ખુ ચણક કરી દીધુ હતું. દબાણ ટીમની કામગીરી જોઈને લારી ગલ્લા તેમજ ઝુંપડા ધારકોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. ટીમને જોઈને લારીઓ અને પાથરણા લઈને વેપારીઓ રીતસરની દોટ મુકતા હતા. તંત્ર દ્વારા કેટલાક લારી ગલ્લા જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. દબાણકારોમાં તંત્રની ટીમને લઈ ભય ફેલાઈ ગયો હતો. ત્યારે તંત્રની ટીમ અન્ય કામગીરીને પગલે દબાણકારોને છુટો દોર મળ્યો હોય તેવો માહોલ ઉભો થયો છે. શહેરના મુખ્ય માર્ગો અને સેકટરના આંતરીક માર્ગો પર લારી ગલ્લા ગોઠવાઈ ગયા છે તો બીજીતરફ નવા સેકટરોના કેટલાક વિસ્તારમાં ઝુંપડા પણ ઉભા થઈ ગયા છે. જેથી અસામાજીક પ્રવૃતિઓ પણ કેટલાક સ્થળે જોવા મળી છે. જેને પગલે સ્થાનિક વસાહતીઓ હેરાન થઈ ગયા છે અને તંત્ર દ્વારા દબાણ તાત્કાલીક અસરથી દુર કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.





ગાંધીનગર લોકસભાના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર અને રાષ્ટ્રીય નેતા અમિત શાહની ઉમેદવારીના સમર્થનમાં શહેરના કેટલાક વોર્ડના બુથોમાં જનસંપર્ક કાર્યક્રમ કાર્યકર્તાઓ દ્વારા કરવામાં આવ્યો હતો અને દરેક મતદારને અમિત શાહને જંગી બહુમતિથી વિજય અપાવવા અપીલ કરી હતી. આ પ્રસંગે મોટીસંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.



સરસ્વતિ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ દ્વારા ફાર્મ.ડી ના વિદ્યાર્થીઓ માટે હોસ્પિટલ વિઝિટ યોજાઈ હતી. એચ.સી.જી. હોસ્પિટલ દ્વારા હોસ્પિટલના વિવિધ ડિપાર્ટમેન્ટની માહિતી આપવામાં આવી હતી. આ વિઝિટમાં વિદ્યાર્થીઓને હોસ્પિટલના વિવિધ ડિપાર્ટમેન્ટનો બહોળો અનુભવ મળ્યો હતો. હોસ્પિટલના સ્ટાફ દ્વારા કેન્સર ની સારવાર કેવી રીતે થાય છે તથા કેમોથેરાપી કેવી રીતે અસરકારક છે તે વિસ્તૃતમાં સમજાવવામાં આવ્યું હતું.

## શ્રી સ્વામિનારાયણ હાઈસ્કૂલ, સે-૨ ઉના વિદ્યાર્થીઓ રાજ્ય કક્ષાએ પસંદગી પામ્યા



ગાંધીનગર, તા.૪

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી પ્રખરતા શોધ કસોટીની પરીક્ષામાં સંસ્થાના શિક્ષકશ્રી મેહુલભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ધોરણ-૯ના પાંચ વિદ્યાર્થીઓ પુજારા ધાર્મિક, પટેલ અગ્નિવેશ, દરજી ધીર, જાની દિપ્તી અને સોલંકી મહર્ષિ મેરીટમાં સમગ્ર રાજ્યમાં ઉચ્ચ સ્થાન મેળવી ઈનામ માટે પસંદગી પામ્યા છે. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી રામસ્વામીજી તથા આચાર્યશ્રી મયંકભાઈ પટેલએ વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરી પ્રોત્સાહક અભિનંદન પાઠવ્યા છે.

## ચિલોડા હાઈ-વે પરથી વિદેશી દારુની હેરાફેરી કરતી ટ્રક ઝડપાઈ

**સ્ટેટ મોનીટરીંગ સેલે નાના ચિલોડા નજીકથી પકડેલી ટ્રકમાંથી રૂ.૨૮ લાખનો દારુ મળ્યો : રૂ. ૪૩.૭૮ લાખના મુદ્દામાલ સાથે બે ની ધરપકડ : બે પૈકી એક શખ્સ પીએસઆઈનો પુત્ર હોવાનું ખુલ્યું : પથ્થરના પાવડરની થેલીઓની આડમાં આ દારુનો જથ્થો ઉદેપુરથી અમદાવાદ લઈ જવાતો હતો : ૧૧ સામે ગુનો દાખલ**

ગાંધીનગર, તા. ૪

એક તરફ લોકસભા ચુંટણી માથે છે અને આદર્શ આચારસંહિતા લાગુ છે ત્યારે સ્ટેટીક સર્વેલન્સની ટીમો રાજયભરમાં વિડીયોગ્રાફી સાથે સઘન વાહન ચેકીંગ કરી દારુ અને નાણાની હેરાફેરી પર સતત વોચ રાખી રહી છે. તો બીજી તરફ રાજયના પોલીસ વડાની ટીમ સ્ટેટ મોનીટરીંગ સેલ (વીજીલન્સ) તથા સ્થાનિક પોલીસો પણ ચુંટણી ટાણે મતદારોને રીજવવા દારુની રેલમછેલ ન થાય તે માટે ખાસ તકેદારી રાખી રહી છે. મોડીરાત્રે વિજીલન્સને આવી જ એક બાતમી મળી હતી કે મોટા ચિલોડાથી નાના ચિલોડા રોડ પર પસાર થઈ રહેલી એક ટ્રકમાં પથ્થરના પાઉડરની થેલીઓની આડમાં વિદેશી દારુનો મસમોટો જથ્થો લઈ જવાઈ રહ્યો છે. આ બાતમીને આધારે નાના ચિલોડા નજીકથી બાતમીવાળી ટ્રકને પકડી પાડી વિજીલન્સની ટીમે રૂ.૨૮ લાખની કિંમતના દારુ સહિત કુલ રૂ. ૪૩.૭૮ લાખના મુદ્દામાલ સાથે બે શખ્સોની ધરપકડ કરી લીધી હતી. ચોકાવનારી વાત તો એ છે કે પકડાયેલા બે શખ્સો પૈકી એક શખ્સ મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એક પીએસઆઈનો પુત્ર છે. ડભોડા પોલીસ મથકમાં આ મામલે ૧૧ શખ્સો સામે ગુનો દાખલ કરી ઉંડાણપૂર્વક પુછપરછ શરુ કરવામાં આવી છે.

વિજીલન્સની ટીમે બાતમીને આધારે મોડીરાત્રે નાના ચિલોડા નજીકથી આર.જે. ૨૭.જી.ડી.-૨૦૨૮ નંબરના ટ્રકને ઉદેપુરથી અમદાવાદ તરફ જતા માર્ગ પરથી પથ્થરના પાવડરની આડમાં વિદેશી દારુની હેરાફેરી કરતી પકડી પાડી છે. ટ્રકમાં તપાસ કરતા અંદરથી રૂ. ૨૮,૨૨,૯૭૫ ની કિંમતનો અલગ અલગ બ્રાન્ડનો વિદેશી દારુનો જથ્થો મળી આવ્યો છે. તે ઉપરાંત ૨૨૫ પથ્થરના પાવડરની થેલીઓ, દારુની પેટીઓ સંતાડવા માટે ટ્રકમાં ગોઠવવામાં આવી હતી. પોલીસે આ થેલીઓ દારુની પેટીઓ, ટ્રક, રોકડ રૂ.૧૨,૮૯૦ તથા પકડાયેલા બે આરોપીઓના બે મોબાઈલ મળીને કુલ રૂ. ૪૩,૭૮,૭૧૫ કિંમતનો મુદામાલ જપ્ત કરી લીધો છે. પોલીસે રાજસ્થાનના ડ્રાઈવર ઉદય વેલીરામ રેગર તથા તેની બાજુમાં બેઠેલો સાગરીત અમદાવાદના કૃષ્ણનગર ખાતે રામકુટીર ફલેટમાં રહેતો લલિત મુલચંદ જાદવ ને દબોચી લીધા હતા. પકડાયેલો લલિત જાદવ પોલીસ સમક્ષ એવી કેફીયત આપી રહ્યો હતો કે તેના પિતા મહેસાણા તાલુકા પોલીસ મથકમાં પીએસઆઈ છે અને આ ટ્રકમાં પેસેન્જર તરીકે બેઠો હતો. પોલીસે તેનુ ક્રોસ ઈન્વેસ્ટીગેશન કરવા વહેલી પરોઢે પકડાયેલા લલિતને મોબાઈલ પરથી તેની પત્નિને ફોન કર્યો હતો કે તેમાં ભાંડો ફુટ્યો હતો કે તેની પત્નિએ કહ્યું હતુ કે તમે તો કડી જવાના હતા શિહોલી શું કરવા જતા હતા. જયારે થોડીવાર બાદ તેના પિતાનો ફોન આવ્યો હતો કે તું વડોદરા જવાનું કહીને ડભોડા શુ કામ ગયો છે. લલિતે પહેલા મામાના ઘરેથી નીકળ્યા બાદ ચિલોડા ખાતે પોતાનું બાઈક પંચર પડ્યું હોવાનું કહ્યું હતું. તો બીજીવખત શિહોલીના મિત્રો ચિલોડા સર્કલે મુકી ગયા હોવાનું કહ્યું હતું. લલિતના આ પ્રકારના વિરોધાભાસી નિવેદનોને પગલે તેની ભુમિકા આ કેસમાં શંકાસ્પદ હોવાનું ખુલ્યું છે. પોલીસે આ બંન્ને ધરપકડ કરી દારુનો જથ્થો આપનાર અને મંગાવનાર સહિત અન્ય ૯ શખ્સો સામે ગુનો દાખલ કર્યો છે. જેમાં માનસિંહ શંકરલાલ મીણા ઉં.વ.-૩૫, શકાજી ઉર્ફે સુખલાલ રૂપલાલ ડાંગી ઉં.વ.૩૦, દલાજી ભુરાજી રબારી, વાઘજી હોથીજી રબારી ગામ-ઈડર તા.ઈડર જી. સાબરકાંઠા, જમસેદ, સંતોષ, બંસી અમદાવાદ શહેર, જીતેન્દ્રકુમાર સહિત ૯ શખ્સોનો સમાવેશ થાય છે.

## રાયસણ, કુડાસણ અને સરગાસણમાં લાઈટ ડુલ થવાના કિસ્સામાં વધારો

**લાઈટ ડુલ થવાના બનાવને પગલે રહીશો પરેશાન**

ગાંધીનગર, તા.૪

રાજયમાં ગરમીનો પારો દિન પ્રતિદિન ઉંચકાઈ રહ્યો છે. ઉનાળાના પ્રારંભિક દિવસોમાં જ આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા છે. નગરજનો ગરમીથી ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. ગરમીથી રાહત મેળવવા ઠંડા પીણા અને આઈસક્રીમનો સહારો લે છે. તો બીજીતરફ બપોરના સુમારે નગરજનો ગરમીથી કંટાળી પંખા, કુલર અને એસી ઓન કરી રાહત મેળવી રહ્યા છે. ત્યારે ન્યું ગાંધીનગરના રાયસણ, કુડાસણ અને સરગાસણ સહિતના વિસ્તારમાં લાઈટ ટ્રીપ થવાના કિસ્સા વધુ રોજ વધી રહ્યા છે. ત્યારે ન્યુ ગાંધીનગરના રહીશો લાઈટ ડુલ થવાના બનાવને પગલે હેરાન પરેશાન થઈ ગયા છે.

ગુજરાત રાજય ચોવીસ કલાક વીજળીના પ્રકાશથી ઝળહળતુ હોય છે. સામાન્ય દિવસોમાં લાઈટ ડુલ થવાના કિસ્સા નહીવત રહેતા હોય છે. પરંતુ ઉનાળાના પ્રારંભ થતા જ દિવસમાં લાઈટ જતી રહેવાના બનાવ બનતા રહે છે. ઉનાળાની ગરમીમાં પંખા, કુલર અને એસી શરુ કરીને ગરમીમાં રાહત મેળવતા નગરજનો અચાનક લાઈટ જતી રહેતા ઉંઘમાંથી સફાળા જાગી જાય છે. જયારે અતિશય ગરમીને પગલે વયોવૃધ્ધ વડીલો અને નાના બાળકોની હાલત કફોડી બની જાય છે. જયારે ઉનાળામાં વીજળીનો ઉપયોગ વધી જાય છે. ઉનાળામાં વિશેષ રીતે એસી સતત ચાલુ રહે છે. જેને પગલે વિજલાઈન પર લોડ પડતા લાઈટ ટ્રીપ થવાના કિસ્સા વધુ બને છે. જયારે નાગરીકો પોતાના ઘરમાં અનેક વિજ ઉપકરણો ધરાવતા હોવા છતા વીજળીનો લોડ વધારતા નથી જેને પગલે વારંવાર લાઈટ ટ્રીપ થવાના બનાવ બને છે. જયારે ભુતકાળમાં લાઈટ ટ્રીપ થવાના કિસ્સામાં અનેક રહીશોના ઘરમાં રહેલા મોંઘા ઉપકરણોને ભારે નુકશાન થવા પામ્યું છે. ત્યારે હાલના સમયે પણ ન્યુ ગાંધીનગરના રહીશોના ઘરમાં દિવસમાં અને રાત્રીના સમયે અચાનક લાઈટ જતી રહેવાના બનાવ બને છે.

### ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત નાટક માટે નૃત્ય કલાકારો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર કલ્ચરલ ફોરમના રજત જયંતિ વર્ષની ઉજવણી નિમિત્તે તા. ૪થી મે, ૨૦૧૯ના રોજ રજુ કરાનાર ગાંધીનગરના જ નાટય-નૃત્ય કલાકારો દ્વારા અભિનિત પ્રસ્તુતિ 'હું છું ગાંધીનગર' માટે નૃત્ય રાસ ગરબામાં વધુ કલાકારોની જરૂર છે તો ભાગ લેવા ઈચ્છુક રસ ધરાવતી ૧૫ વર્ષથી વધુ વયની યુવતીઓ-બહેનોને ખાસ નિમંત્રણ છે.

આ માટેના સિલેકશન અંગે તા. ૫ એપ્રિલ, ૨૦૧૯ને શુક્રવારે રાત્રે ૮ કલાકે શ્રી અરવિંદ કેન્દ્ર, સે-૨૩ સ્વામિનારાયણ મંદિર પાસે અચુક ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.

## આકરા તાપમાં ઉઘાડપગાને પગરક્ષણ આપવા શહેર વસાહત મહામંડળની અપીલ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા ઉનાળાના ધોમધખતા તડકાતી બચવા માટ ઉઘાડ પગે રહેતા શ્રમજીવીઓના ખુલ્લા પગને રક્ષણ આપવા 'ચરણસેવા' અભિયાન હાથ ધરાયું છે. શહેરના નાગરિકોના આર્થિક સહયોગથી આ કાર્ય શકય બન્યું છે. આ ઉપરાંત પક્ષીસૃષ્ટિની તરસ છીપાવવા પક્ષી પરબનું વિતરણ પણ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. આ કાર્ય માટે શહેરીજનો પાસેથી યથાશકિત યોગદાન આપવા પણ મહામંડળે અપીલ કરી છે.

આ કાર્ય માટે અરૂણભાઈ બુચ-૨૩૨૬૦૩૭૦, કિશોરભાઈ/કિલ્લો દવે-૨૩૨૨૪૩૩૯, બી.પી. પરમાર-૨૩૨૨૩૩૬૪, નિરાલીબેન જોષી-૨૩૨૩૨૫૩૧, શશીકાંતભાઈ મોઢા-૭૫૭૨૮૯૦૩૫૯, આર.એચ. ધામેચા-૯૭૧૪૮૪૦૪૭૬, નિલેન્દુ વોરા-૨૩૨૩૩૪૪૫, જયેશ ધ્રુવ-૯૮૨૫૩૯૮૩૩૮, ચંદ્રકાન્ત જોષી-૨૩૨૨૮૪૬૪, મયુરભાઈ વ્યાસ-૨૩૨૨૫૩૯૦, બી.એ. શુકલ-૨૩૨૨૬૨૭૫, સૂર્યકાંત બારોટ-૯૯૧૩૩૭૭૩૬૧, રેવાભાઈ પરમાર-૨૩૨૩૭૯૩૫, મહેન્દ્રભાઈ ચૌહાણ-૯૪૨૭૦૫૬૮૪૫, ચંદુજી ઠાકોર-૯૯૭૯૫૦૭૫૭૬, ડૉ. ચેતના બુચ-૯૮૨૫૮૧૬૦૧૮, ઉદયભાઈ ત્રિવેદી-૯૯૨૪૫૧૫૬૪૯, સી.ડી. ધનેશ્વર-૯૪૨૯૦૬૩૯૧૨, સુધીરભાઈ દેસાઈ-૨૩૨૨૫૨૯૭, કરશનભાઈ પરમાર-૯૯૦૯૪૬૦૫૨૩, સુનિલ શાહ-૯૮૨૫૪૧૯૦૧૯, જનકભાઈ રાવળ-૯૪૨૭૩૩૬૩૭૪, પી.ડી. પટેલ-૯૮૨૪૦૪૭૬૭૧, દિનેશસિંહ ચાવડા-૯૮૨૪૦૬૫૦૫૬, નિસર્ગ બુચ-૨૩૨૧૨૪૮૩, ભાલચંદ્ર શુકલ-૨૩૨૬૦૫૪૩, કિશોર જીકાદરા-૯૮૭૯૪૭૫૧૩૦, ભરતભાઈ દિક્ષીત-૯૪૨૭૩૩૫૩૪૪, પ્રદિપ સોલંકી-૯૮૨૪૨૫૬૪૧૦, સીતારામ પટેલ-૯૩૭૪૬૦૬૩૭૬નો સંપર્ક કરવા જણાવાયું છે.

# આવતીકાલથી 'અનુષ્ઠાન'નું પર્વ - ચૈત્રી નવરાત્રી

**ઘટસ્થાપન માટે સવારે ૭.૩૦ થી ૯.૦૦ વાગ્યા સુધી શ્રેષ્ઠ શુભમુહુર્ત : આઠમ અને નોમ આ નવરાત્રીમાં ભેગી તિથિ છે, નવરાત્રી સાથે ગુડી પડવો અને સંવત્સર ૨૦૭૬ પણ શરુ થશે**

ગાંધીનગર, તા.૪

આદ્ય શકિત જગતજનની મા જગદંબાની આરાધના અને ઉપાસનાનું ઉત્તમ પર્વ ચૈત્રી નવરાત્રીનો આવતીકાલ એટલે કે શનિવારથી મંગલ પ્રારંભ થશે. દૈવીશકિતને પ્રસન્ન કરવા માટેનું આ પર્વ જપ-તપ-વ્રત અને અનુષ્ઠાન થકી શ્રેષ્ઠ ફળદાયી મનાય છે. વર્ષની ચાર નવરાત્રી પૈકી ચૈત્રી નવરાત્રીમાં મા દુર્ગાશકિતના નવસ્વરૂપોની પૂજા અર્ચનાથી અનેક પ્રકારના દુઃખોથી મુકત બની સુખ, સમૃધ્ધિ અને ઉત્તમ સ્વાસ્થ્ય બની રહે છે. શનિવારના રોજ સવારે ૭.૩૦ થી ૯.૦૦ કલાક દરમિયાન શુભમુહુર્તમાં ઘટ સ્થાપન કરી માં ભગવતીના આ પર્વનો પ્રારંભ થશે.

અખુટ શકિતના ભંડાર સમા આ ચૈત્રી નવરાત્રીના પવિત્ર પર્વમાં સાધકો જપ, તપ, વ્રત અને અનુષ્ઠાનનો શનિવારથી જ પ્રારંભ કરી દેશે. આ પર્વમાં આઠમ અને નોમની તિથિ એક થઈ જવાથી આઠમના દિવસે જ નોમ પણ ઉજવવામાં આવશે. ૧૪ એપ્રિલે રામનવમી એ પુષ્યનક્ષત્રનો યોગ બને છે. જેમાં ભગવાન રામનો જન્મ આ નક્ષત્રમાં થયેલો હતો જેથી તેનું વિશેષ મહત્વ છે. ચૈત્રી નવરાત્રીમાં આ વર્ષે પાંચ વખત સ્વાર્થ સિધ્ધિ યોગ અને બે વખત રવિયોગ આવશે. જે જયોતિષોની દ્દષ્ટિએ ખુબ જ શુભ માનવામાં આવે છે.

ચૈત્રી નવરાત્રી આત્મશુધ્ધિ અને મોક્ષ પ્રાપ્તિ માટે સર્વ શ્રેષ્ઠ ગણાય છે. ચૈત્રી નવરાત્રીથી નવાવર્ષના પંચાગની ગણતરી શરુ થતી હોય છે અને આ દિવસથી વર્ષનો રાજા, મંત્રી, સેનાપતિ, ખેતી અંગેના ગ્રહો નક્કી થતા હોય છે. ચૈત્રી નવરાત્રીનું ધાર્મિક દ્દષ્ટિએ ખુબ જ મહત્વ છે જેમાં ચૈત્રી નવરાત્રીના પહેલા દિવસે આદ્યશકિત પ્રગટ થયા હતા અને આ દેવીના કહેવાથી બ્રહ્માજીએ સૃષ્ટિનું નિર્માણ કાર્ય હાથ ધર્યુ હતું. ચૈત્રી નવરાત્રી દરમિયાન અનેક મંદિરોમાં કુળદેવીના પાટોત્સવ પણ યોજાય છે અને અખંડ જયોતિ સાથે ઉપવાસ, અનુષ્ઠાન સ્કંદમાતા, કાત્યાયની માતા, કાલરાત્રી, મહાગૌરી અને સિધ્ધી દાત્રીના સ્વરૂપોનું નવદિવસ સુધી પૂજન અર્ચન કરી આદ્યશકિતની કૃપા પ્રાપ્ત કરવા ભકિત કરવામાં આવશે. રાજય અને દેશના કેટલાક શહેર અને ગામોમાં ચૈત્રી નવરાત્રીની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવે છે. જેમાં શારદીય અને ચૈત્રી એમ બે નવરાત્રી ઉજવે છે. મા ભગવતીના આ પર્વને હિંદુ ધર્મમાં ઉચ્ચ સ્થાન અપાયુ છે જે કરી મનુષ્ય ઉત્તમ ફળોની પ્રાપ્તિ કરે છે.



### યે રાત ભીગી ભીગી કાર્યક્રમ યોજાશે

ગાંધીનગરની કલા સંસ્થા સંસ્કૃતિ દ્વારા આજે રાત્રે ૯.૧૫ કલાકે સે-૧૭ સ્થિત ટાઉનહોલ 'યે રાત ભીગી ભીગી' સંગીત કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં હિન્દી ફિલ્મના દિગ્ગજ સંગીતકારો દ્વારા તૈયાર થયેલા ગીતો કલાકાર અમૃતા પાટીલ, નાનુ ગુર્જર, શ્રીજીત ચક્રવર્તી, કોમલ કાણકિયા, પ્રિયંકા બાસુ દ્વારા રજુ કરવામાં આવશે અને મયુર સોનીના હની ટયુન બેન્ડ દ્વરા સંગીતનો રસથાળ પીરસાશે. સંસ્થા દ્વારા સર્વે સભ્યોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

### ચિરવિદાય

- સ્વ. બાદરજી ચૂંથાજી સોલંકી, ઉ.વ. ૭૦
- સ્વ. રમીલાબેન, ઉ.વ. ૪૪
- સ્વ. પટેલ હરગોવનભાઈ મફતલાલ, ઉ.વ. ૭૦